# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે ‘બોગસ ખેડૂત’ બનવાનું રેકેટ ઝડપી પાડ્યું

# પેટલાદ:પાળજ ગામે કરોડોની જમીન પચાવી પાડવાનું મસમોટું કૌભાંડ

**ગઠિયાઓએ ૫૦** વર્ષના શખ્સોને ૨૦ વર્ષના ‘દીકરા’ બતાવી નકલી વારસાઈ ઊભી કરાઈ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૪

આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પેટલાદ તાલુકાના પાળજ ગામની કિંમતી ખેતીની જમીન હડપ કરવા માટે આચરાયેલા એક બહુચર્ચિત અને સુનિયોજિત કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. જેમાં સરકારી દસ્તાવેજો સાથે ગંભીર છેડછાડ કરી, ઉંમરમાં મોટો ફેરફાર કરી અને નકલી હયાતી પેઢીનામું બનાવી ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર મેળવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ મામલે પોલીસે બે નોટરી એડવોકેટ, પંચો અને લાભાર્થીઓ સહિત ૧૦ થી વધુ શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

પોલીસ ઈન્સ્પેક્ટર ભાર્ગવ એમ. માળીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, પાળજ ગામના સર્વે નંબર ૨૨૨૫ પૈકી ૧ વાળી જમીનમાં પીનલબેન પટેલે ગુનાહિત કાવતરું રચ્યું હતું. તેઓએ અમદાવાદના શાહીબાગના રહેવાસી ભેરુલાલ ચોપરા અને પ્રિતલાલ ચોપરાને પોતાના દીકરા તરીકે દર્શાવ્યા હતા. ચોંકાવનારી વિગત એ છે કે, આ બંને શખ્સોની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવા છતાં, નોટરી એન.આઈ. પટેલ સમક્ષ ખોટા સોગંદનામા કરી તેમની ઉંમર અનુક્રમે ૨૨ અને ૨૦ વર્ષ દર્શાવી હતી. આ ખોટા સોગંદનામા અને પંચનામાના આધારે વારસાઈ નોંધ નં. ૩૬૨૦ મંજૂર કરાવી લેવાઈ હતી. આ નકલી વારસાઈના આધારે આઈઓઆરએ પોર્ટલ પરથી ‘ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર’ મેળવી લીધું હતું. આ પ્રમાણપત્રનો ઉપયોગ કરી તેઓએ બાવળાના ગાગડ ગામે કરોડોની કિંમતની જમીન ખરીદી લીધી હતી.

વર્ષ ૨૦૨૪માં પોતાનું પાપ છુપાવવા માટે આ શખસોએ અન્ય એક નોટરી કનુભાઈ મકવાણા સમક્ષ હક કમીનું ખોટું સોગંદનામું કરાવ્યું હતું. આ દ્વારા જમીન ફરીથી પીનલબેનના નામે ટ્રાન્સફર કરી દઈ કાયદાકીય ગૂંચ ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ SOGની તપાસમાં સમગ્ર ભોપાળું છતું થઈ ગયું હતું.

આ અંગે નવઘણભાઈ રબારી નામના અરજદારે જિલ્લા પોલીસ વડાને કરેલી લેખિત અરજી બાદ આ આખું કૌભાંડ બહાર આવ્યું છે. આ અંગે પેટલાદ પોલીસ ટાઉન પોલીસે પીનલબેન પટેલ (મુખ્ય સૂત્રધાર), ભેરુલાલ ચોપરા અને પ્રિતલાલ ચોપરા (ખોટા વારસદારો), એન.આઈ. પટેલ અને કનુભાઈ મકવાણા (નોટરી એડવોકેટ), મુકેશ પંચાલ, મનિષ પટેલ અને દેવેન્દ્ર સોલંકી (પંચો) અને અન્ય મદદગાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**સરકારી બાબુઓ પણ રડારમાં આવ્યાં**

આ કૌભાંડમાં ખોટા પંચનામામાં સહી કરનાર મુકેશ પંચાલ, મનિષ પટેલ અને દેવેન્દ્ર સોલંકીની ભૂમિકા પણ સામે આવી છે. એસઓજી પોલીસે આ તમામ આરોપીઓ અને તેમને મદદ કરનારા સરકારી કર્મચારીઓ વિરૂદ્ધ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.

### મહિસાગરના જંગલમાં ફાંસો ગોઠવી દીપડાની હત્યા કરી

# લુણાવાડામાં દીપડાનો શિકાર કરનારા ત્રણ શખસ પકડાયાં

**વન વિભાગે** શિકારીઓને પકડી કોર્ટમાં રજુ કરી જેલહવાલે કર્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૪

મહીસાગર વન વિભાગના લુણાવાડા રેન્જમાં શિકારીઓ દ્વારા ગોઠવવામાં આવેલા ફાંસલામાં ફસાઈ જવાથી એક દીપડાનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરી શિકાર કરનાર ત્રણ શખસની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લુણાવાડા રેન્જના શીગ્નલી રાઉન્ડ હેઠળના નવામુવાડા બીટના જૂના મુવાડા જંગલ વિસ્તારમાં અજાણ્યા શખ્સો દ્વારા વન્યપ્રાણીઓના શિકારના હેતુથી લોખંડના તારનો ફાંસો ગોઠવવામાં આવ્યો હતો. આ ફાંસલામાં ૨૯મી મેના રોજ એક દીપડાનું ગળું આવી જતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. આ અંગેની બાતમી મળતા જ નાયબ વન સંરક્ષક, મહીસાગરના માર્ગદર્શન હેઠળ મદદનીશ વન સંરક્ષક અને વનકર્મીઓની વિવિધ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી હતી.

વન વિભાગની સઘન તપાસ દરમિયાન જૂના મુવાડા ગામના ત્રણ શખ્સોની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. આ શખસોને બાતમી આધારે પકડી પૂછપરછ કરતાં અશ્વિન લખમણભાઈ નાયક, ભુરાભાઈ રાયસિંગભાઈ નાયક અને ધીરા અંધારભાઈ નાયકનો સમાવેશ થાય છે.

વન વિભાગે આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. આ ત્રણેયને લુણાવાડાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે આ મામલે ગંભીર નોંધ લઈ ત્રણેયને ૧૫મી જૂન સુધી જેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે.

# કડાણામાં અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું કરુણ મોત

**કડાણા** પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૪

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ડાહ્યાપુર ઘાટી ત્રણ રસ્તા પાસે ગત મંગળવારે સાંજે એક હિટ એન્ડ રનની ઘટના બની હતી. પૂરઝડપે અને બેદરકારીથી આવતા એક અજાણ્યા વાહને મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા ઝાભ કનાવાડા ગામના ૨૬ વર્ષીય યુવક મહેશ ખાટાનું ઘટનાસ્થળે જ માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત ૨ જૂનના રોજ સાંજના આશરે સાડા સાતેક વાગ્યે મહેશ ખાટા પોતાની મોટરસાયકલ (GJ-35-K-3958) લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા વાહન ચાલકે ટક્કર માર્યા બાદ અંધારાનો લાભ ઉઠાવી પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ પરિવારજનો સ્થળ પર દોડી આવ્યા હતા, જ્યાં મહેશ રોડની વચ્ચોવચ્ચ લોહીલુહાણ હાલતમાં મૃત મળી આવ્યો હતો.

આ મામલે મૃતકના ભાઈ પર્વતભાઈ ખાટાએ કડાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે સંતરામપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

મહિસાગર જિલ્લામાં ‘હિટ એન્ડ રન’ની ઘટનામાં વધારો થયો છે. આ અંગે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કડક કાર્યવાહી થાય તેવી માગણી ઊઠી છે.


### અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન બિછાવી નદીના વહેણમાં ઝેરી પાણી ઠાલવતા મણિનગરના શખ્સની ધરપકડ

# ખેડા પાસે સાબરમતી નદીમાં કેમિકલનું ‘ઝેર’ ઠાલવતી ફેક્ટરીનો પર્દાફાશ

**રસિકપુરાની** સીમમાં પશુ-પંખી અને જનજીવન પર મોટું જોખમ ટળ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ખેડા જિલ્લામાં પર્યાવરણ અને જનજીવનને નુકસાન પહોંચાડતા તત્વો સામે પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. ખેડા ટાઉન પોલીસ મથકની હદમાં આવેલી સાબરમતી નદીમાં ગેરકાયદેસર રીતે કેમિકલયુક્ત દૂષિત પાણી ઠાલવી નદીને પ્રદૂષિત કરતી એક ડાઈંગ ફેક્ટરીનો ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચએ પર્દાફાશ કર્યો છે. પોલીસની આ કાર્યવાહીથી નદીમાં ઝેર ભેળવતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



ખેડાના રસિકપુરા ગામની સીમમાં જેટીઆઈ કંપનીની સામે અને ખોડિયાર કાઠિયાવાડી ઢાબાની પાછળ સાબરમતી નદીના કિનારે ‘અમન ટ્રેડર્સ’ નામનું ડાઈંગ યુનિટ ધમધમતું હતું. આ ફેક્ટરીનો માલિક શકીલહુસેન શરીફભાઈ ચૌહાણ (રહે. મણિનગર, અમદાવાદ) કાપડ પર કલર પ્રોસેસનું કામ કરતો હતો. આ પ્રોસેસ બાદ નીકળતું અત્યંત ઝેરી અને દૂષિત પાણી નદીમાં ઠાલવવા માટે આરોપીએ ચાલાકી વાપરી હતી. તેણે કંપનીની જમીનમાં જ અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન બિછાવી હતી, જે સીધી સાબરમતી નદીમાં ખુલતી હતી. આ પાઈપલાઈન મારફતે તે ખુલ્લેઆમ ગેરકાયદેસર રીતે કેમિકલયુક્ત પાણી નદીના વહેણમાં છોડતો હતો.

ખેડા એસપી વિજય પટેલની સૂચના હેઠળ લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર. વેકરીયાની ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું. બાતમીના આધારે પોલીસે જ્યારે સ્થળ પર દરોડો પાડ્યો ત્યારે ડાઈંગ પ્રોસેસનું ગંદુ પાણી કુંડીમાંથી પાઈપલાઈન મારફતે નદીમાં જઈ રહ્યું હોવાનું રંગેહાથ ઝડપાયું હતું. સ્થળ પરથી રાજેશ સુખરામ મેઘવાલ હાજર મળી આવ્યો હતો, જ્યારે મુખ્ય સૂત્રધાર અને માલિક શકીલહુસેન ચૌહાણ વિરુદ્ધ ખેડા ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

# બોરસદમાં જુગાર રમતા ૬ શખ્સ રંગેહાથ ઝડપાયા

**પોલીસે રાજા** મહોલ્લામાં દરોડો પાડી રૂ. ૧૫,૨૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૪

આણંદ જિલ્લાની બોરસદ સીટી પોલીસે બાતમીના આધારે રાજા મહોલ્લા મલેકવાડા વિસ્તારમાં ખુલ્લામાં ચાલતા જુગારધામ પર ત્રાટકીને ૬ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા અને જુગારના સાહિત્ય સહિત કુલ રૂ. ૧૫,૨૩૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બોરસદ ટાઉન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે રાજા મહોલ્લામાં કેટલાક ઈસમો કુંડાળું વળીને હાર-જીતનો પત્તાપાનાનો જુગાર રમી રહ્યા છે. પોલીસે તાત્કાલિક બે સ્વતંત્ર પંચોને સાથે રાખી ખાનગી વાહનો દ્વારા વાવડી મહોલ્લા નજીક પહોંચી, ત્યાંથી પગપાળા જઈ આકસ્મિક રેડ પાડી હતી. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ સતર્ક સ્ટાફે તમામ ૬ ઈસમોને કોર્ડન કરીને પકડી લીધા હતા.

બોરસદ શહેર પોલીસે પકડાયેલા શખસની પૂછપરછ કરતાં તે મોહંમદસજ્જાદ ઈજાજુદ્દીન મલેક, તાહીર ઈકબાલુદ્દીન મલેક, મોહંમદતનવીર ઉર્ફે લાવા મલેક, બકસુદીન ઉર્ફે બકસો મલેક, વસીમ ઉર્ફે અલાદીન મલેક, મોહમંદતોફીક મોહંમદઅલી મલેક હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત, જમીન પર પાથરેલા પ્લાસ્ટિકના પાથરણા પરથી દાવ પર લગાવેલા રૂ. ૬,૫૫૦ મળીને કુલ રૂ. ૧૫,૨૩૦નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો છે.

### મધ્યમવર્ગીય પરિવારોમાં આર્થિક કટોકટી સર્જાઈ

# નડિયાદ સિવિલ હોસ્પિટલના ૧૪ કર્મી બે મહિનાથી પગાર વિહોણા

**એમ જે સોલંકી** એજન્સી હેઠળના લેબ ટેક્નિશિયન અને ઓપરેટરોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

નડિયાદ સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગ એજન્સી હેઠળ ફરજ બજાવતા ૧૪ જેટલા કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી પગાર ન મળતા તેમની હાલત કફોડી બની છે. હોસ્પિટલમાં કાર્યરત એમ જે સોલંકી એજન્સીના લેબ ટેક્નિશિયન અને ઓપરેટર સહિતના સ્ટાફને માર્ચ અને એપ્રિલ માસનું વેતન ન ચૂકવાતા મધ્યમવર્ગીય પરિવારોમાં આર્થિક કટોકટી સર્જાઈ છે.

નડિયાદ સિવિલ હોસ્પિટલના સુચારુ સંચાલન માટે કાર્યરત એમ જે સોલંકી એજન્સીના કુલ ૧૪ કર્મચારીઓ હાલ પગારથી વંચિત છે. જેમાં દર્દીઓના રિપોર્ટિંગ સાથે સંકળાયેલા ૮ લેબ ટેક્નિશિયન, ૩ કોમ્પ્યુટર ઓપરેટર અને ૩ સર્વન્ટનો સમાવેશ થાય છે. છેલ્લા બે માસથી સતત ફરજ બજાવતા હોવા છતાં મહેનતાણું ન મળતા કર્મચારીઓએ ઉચ્ચ સ્તરે રજૂઆતો કરી છે.

આ ગંભીર મામલે ખેડા જિલ્લા અધિકારી વી. એ. ધ્રુવે સ્પષ્ટતા કરી છે કે સરકારી સ્તરેથી તમામ એજન્સીઓને નિયમિત પગારની ચૂકવણી કરી દેવામાં આવી છે અને વહીવટી તંત્ર તરફથી કોઈ રકમ બાકી નથી. જોકે, સત્તાવાર રજૂઆત મળ્યા બાદ આ મામલે તટસ્થ તપાસ કરીને યોગ્ય પગલાં લેવાની ખાતરી તેમણે આપી છે. સતત બે મહિનાથી પગાર અટકતા હવે કર્મચારીઓમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

ખેડા જિલ્લાની મોટા ભાગની સરકારી કચેરીમાં ઓઉટ સોર્સિંગથી કેટલાક કર્મચારીઓને ભરતી કરવામાં આવ્યાં છે. ખાસ કરીને ડીઆરડીએ, મહાનગરપાલિકા, સિવિલ હોસ્પિટલનો સમાવેશ થાય છે. હજુ થોડા સમય પહેલા મનરેગાના કર્મચારીનો પગાર છ માસથી થયો ન હોવાની ફરિયાદ ઊઠી હતી. હવે સિવિલમાં ફરિયાદ ઉઠતાં રોષ ફેલાયો છે.

### વાસદ-તારાપુર હાઈવે પર દારૂની હેરાફેરી નિષ્ફળ

# વાસદ નજીક કન્ટેનરમાંથી ૮.૪૨ લાખનો દારૂ ઝડપાયો

**પોલીસને** જોઈ ચાલક અંધારાનો લાભ લઈ સીમમાં નાસી છૂટ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૪

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે વાસદ પોલીસે બાતમીના આધારે વાસદ-તારાપુર હાઈવે પર રેમંડ મિલ સામેથી એક શંકાસ્પદ કન્ટેનર ટ્રકમાંથી વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે દારૂ અને વાહન મળી કુલ ૧૮,૪૨,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાસદ પોલીસની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી ત્યારે રાત્રે ૨:૧૫ વાગ્યે એક ટાટા કન્ટેનર ટ્રકને રોકવાનો ઈશારો કર્યો હતો. પોલીસને જોઈ ચાલકે ગાડી ઉભી રાખી અંધારામાં ખેતરો તરફ દોટ મૂકી હતી. પોલીસે જ્યારે કન્ટેનરની તપાસ કરી ત્યારે ઉપરથી તે ખાલી જણાતું હતું, પરંતુ બારીકાઈથી તપાસ કરતા પતરાની આડમાં એક મોટું ગુપ્ત ખાનું મળી આવ્યું હતું. આ ખાનામાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ ૨૫૧ પેટી (૬,૦૨૪ બોટલો) મળી આવી હતી, જેની કિંમત ૮.૪૨ લાખ થાય છે.

પોલીસ તપાસ દરમિયાન ખુલ્યું છે કે આ ટ્રકના માલિક હરિઓમ રામસિંગ સૈની (રહે. થાણે, મહારાષ્ટ્ર) છે. પોલીસે હાલમાં દારૂ મંગાવનાર અને મોકલનાર તમામ શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહુધાના નાગવાલ ગામમાં આધેડ પર જીવલેણ હુમલો

**જમીનની** અદાવતમાં ૩ શખસ ધારીયા અને લાકડાના ડંડાથી તૂટી પડ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

મહુધા તાલુકાના નાગવાલ ગામે તાડપુરા વિસ્તારમાં જમીન બાબતે ચાલતી જૂની અદાવતમાં ત્રણ શખ્સોએ એક આધેડ પર સશસ્ત્ર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે.

અમદાવાદના દસક્રોઈ તાલુકાના કુહા ગામે રહેતા અને ખેતી તેમજ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા વાલજીભાઈ ભીખાજી બારૈયાએ નાગવાલ ગામે આશરે 16 ગુંઠા જેટલી જમીન વેચાણ રાખી હતી અને તેઓ ત્યાં નિયમિત ખેતી કરે છે. ગત 31 મે 2026 ના રોજ સવારે જ્યારે વાલજીભાઈ આ જમીનમાં ખેડ કરી રહ્યા હતા, ત્યારે નાગવાલ ગામના જ લક્ષ્મણ સોમા ચૌહાણ (ધારીયા સાથે), અશ્વિન લક્ષ્મણ ચૌહાણ અને દિનેશ રામા ચૌહાણ (લાકડાના ડંડા સાથે) ખેતરમાં ધસી આવ્યા હતા.

આ શખ્સોએ ‘આ જમીન અમારે લઈ લેવાની છે.’ તેમ કહી બોલાચાલી કરી તકરાર શરૂ કરી હતી. વાલજીભાઈએ જમીન કાયદેસર રીતે ખરીદી હોવાનું જણાવતા ત્રણેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો ભાંડી હતી. ગાળો બોલવાની ના પાડતા લક્ષ્મણ ચૌહાણે ધારીયાના પાછળના ભાગેથી વાલજીભાઈ પર હુમલો કર્યો હતો, જેના કારણે તેમને જમણા હાથના અંગૂઠા અને કોણીના ભાગે ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ થઈ હતી. આ મામલે મહુધા પોલીસે 3 જૂનના રોજ ત્રણેય હુમલાખોરો સામે ગુનો નોંધ્યો હતો.

# ખેડામાં મેન્ડેટ બાદ ફોર્મ ખેંચી લેનારા કોંગ્રેસના ૧૮ ઉમેદવાર સસ્પેન્ડ

**જિલ્લા પંચાયતના** ૭ અને તાલુકા પંચાયતના ૧૧ ઉમેદવારો સામે શિસ્તભંગનાં પગલાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૪

ખેડા જિલ્લામાં કોંગ્રેસ પક્ષના અધિકૃત ઉમેદવાર તરીકે મેન્ડેટ મેળવ્યા બાદ ઉમેદવારી પરત ખેંચી લેનાર ૧૮ ઉમેદવારો સામે કોંગ્રેસે પગલાં ભરતાં પ્રાથમિક સભ્યપદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યાં છે.

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા હતા. પરંતુ કેટલાક ઉમેદવારોએ પક્ષના વિશ્વાસ અને સૂચનાની અવગણના કરી ઉમેદવારી પરત ખેંચી લઈ પક્ષવિરોધી પ્રવૃત્તિ કરી હતી. તેમના આ વર્તનથી પક્ષની પ્રતિષ્ઠાને મોટું નુકસાન પહોંચ્યું છે અને પક્ષના હોદ્દેદારો કાર્યકર્તાઓ તેમજ સમર્થકોની લાગણીને ઠેસ પહોંચી છે. આ ગંભીર શિસ્તભંગ અને પક્ષવિરોધી પ્રવૃત્તિને ધ્યાનમાં લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની સૂચના મુજબ, ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્શનના આદેશો જારી કરવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતની વિવિધ બેઠકો પરથી ઉમેદવારી નોંધાવીને પરત ખેંચનાર ૭ ઉમેદવારોને પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ગળતેશ્વર તાલુકાની અંધાડી બેઠક પરથી ઋષાબેન ધર્મેન્દ્રભાઈ પટેલ, મહેમદાવાદની દેવકી વણસોલ બેઠક પરથી ચુનીલાલ સોમાભાઈ પરમાર, મહેમદાવાદની કનીજ બેઠક પરથી સનતભાઈ સોમાભાઈ જાદવ, ખેડા તાલુકાની મહીજ બેઠક પરથી રમણભાઈ ભુલાભાઈ તડવી, ખેડાની રઢુ બેઠક પરથી જિજ્ઞાસાબા સંદીપસિંહ મહિડા, નડિયાદ તાલુકાની વડતાલ બેઠક પરથી સોનલબેન વિજયભાઈ પરમાર અને નડિયાદની મરીડા બેઠક પરથી મંજુલાબેન ભૂપતસિંહનો સમાવેશ થાય છે. આ તમામ ઉમેદવારોએ પક્ષના આદેશનો અનાદર કર્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ ઉપરાંત તાલુકા પંચાયતની વિવિધ બેઠકો પર મેન્ડેટ મેળવીને ફોર્મ ખેંચનાર ૧૧ ઉમેદવારોને પણ ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ગળતેશ્વરની અંધાડી બેઠક પરથી ઈલાબેન ધર્મેશભાઈ ઝાલા મહેમદાવાદની કુણાં બેઠક પરથી જનકભાઈ નાગરભાઈ સોઢા ઠાસરાની સૈયત બેઠક પરથી અનિલકુમાર રતિલાલભાઈ પરમાર ખેડાની બીડજ બેઠક પરથી મીનાબેન કિરીટભાઈ ઠાકોર ખેડાની હરિયાળા બેઠક પરથી દિલીપસિંહ ખુમાનસિંહ ચાવડા ખેડાની કનેરા બેઠક પરથી વૈશાલીબેન મહેન્દ્રસિંહ ડાભી ખેડાની મહીજ બેઠક પરથી રમેશભાઈ શિવાભાઈ પરમાર ખેડાની સમાદરા બેઠક પરથી કમલેશભાઈ હરિભાઈ સોલંકી મહુધાની વડથલ બેઠક પરથી મનિષાબેન કૌશિકભાઈ બારૈયા વસોની દેવા વાટા બેઠક પરથી લતાબા જયદીપસિંહ મહિડા અને મહેમદાવાદની કનીજ બેઠક પરથી ગજરાબેન રમેશભાઈ પરમારને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.


**ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેંક લિ. નડિઆદ**

**સરદાર પટેલ સહકાર ભવન, મીશન રોડ, નડિઆદ**

વાહન વેચાણ અંગેની જાહેર નોટિસ

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ હેડ ઓફિસ: નડિયાદ

વિષય: બેંકના ૪ (ચાર) વાહનો વેચાણ કરવા અંગે

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ, નડિયાદ હસ્તકના નીચે મુજબના ૪ (ચાર) વાહનો છે ત્યાં, જે પરિસ્થિતિમાં છે (As is where is basis) તે શરતે વેચાણ કરવાના છે. રસ ધરાવતા ખરીદદારો પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર/ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

વાહનોની વિગત:

| ક્રમ | વાહનની વિગત | વાહન નંબર | મોડેલ (વર્ષ) | બળતણ |
|---|---|---|---|---|
| ૧ | XUV 700 (AX7) – લાલ કલર | GJ-07-DE-8008 | 2022 | ડીઝલ |
| ૨ | Scorpio (S5) – સફેદ કલર | GJ-07-DD-0575 | 2020 | ડીઝલ |
| ૩ | Bolero Camper (Gold ZX) – સફેદ કલર | GJ-07-TU-0092 | 2020 | ડીઝલ |
| ૪ | Bolero Camper (Gold ZX) – કથ્થઈ કલર | GJ-07-YZ-9545 | 2020 | ડીઝલ |

નિયમો અને શરતો

1. ઉપરોક્ત તમામ વાહનોનું નિરીક્ષણ બેન્કની હેડ ઓફિસ ખાતે બેન્કના કામકાજના દિવસો દરમિયાન ઓફિસ સમયમાં કરી શકાશે.
2. ઈચ્છુક ખરીદદારે પોતાનો ભાવ દરેક વાહન દીઠ અલગ સીલબંધ કવરમાં મોકલવાનો રહેશે. કવર ઉપર "વાહન વેચાણના ભાવપત્રક - વાહન નંબર તથા મોડેલ" સ્પષ્ટ લખવું અનિવાર્ય છે.
3. વાહનના ટ્રાન્સફર (આર.સી. બુક નામ પર કરાવવાનો) તમામ ખર્ચ, આર.ટી.ઓ ટેક્સ અને અન્ય કાનૂની ખર્ચ ખરીદદારે પોતે ભોગવવાનો રહેશે.
4. કોઈપણ ભાવપત્રક સ્વીકારવું કે અસ્વીકારવું અથવા આખી પ્રક્રિયા કોઈ પણ કારણ આપ્યા વિના રદ કરવાનો સંપૂર્ણ હક બેન્કના સક્ષમ સત્તાધિકારી પાસે અબાધિત રહેશે.
5. ભાવપત્રકો જમા કરાવવાની છેલ્લી તારીખ: જાહેરાત પ્રસિદ્ધ થયાના 7 દિવસ સુધીમાં બેંકીંગ સમય દરમ્યાન કરી શકાશે.

સ્થળ : નડિયાદ

તારીખ : ૦૪/૦૬/૨૦૨૬

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

મોબાઈલ નંબર 7046995135/9998961592